# 53

## ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક

*15/4/2361 **ડો. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો–૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ, તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે, | (૨) | એક પણ વખત મળેલ નથી. |
| (૩) | ઉકત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને | (૩) | ગુજરાત રાજયમાં મંત્રી મંડળમાં થયેલ બદલાવના કારણે આદિજાતિ સલાહકાર પરિષદની પુન:રચના કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હતી. આદિજાતિ સલાહકાર પરિષદની પુન:રચના કરવાની બાબત સરકારશ્રી કક્ષાએ કાર્યવાહી હેઠળ હતી. જેથી, ઉક્ત સમિતિની બેઠક મળેલ નથી. |
| (૪) | ઉકત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૪) | આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૯/૦૮/૨૦૨૩ના જાહેરનામાથી આદિજાતિ સલાહકાર પરિષદની પુનઃ રચના થયેલ છે. તેમજ વિભાગના તા.૧૧/૦૮/૨૦૨૩ના જાહેરનામાથી આદિજાતિ સલાહકાર પરિષદની સ્થાયી સમિતિની પુનઃ રચના થયેલ હોઈ આદિજાતિ સલાહકાર પરિષદની સ્થાયી સમિતિની બેઠક તા.૨૦/૦૯/૨૦૨૩ તથા તા.૨૫/૦૧/૨૦૨૪ના રોજ મળેલ છે. અને આદિજાતિ સલાહકાર પરિષદની બેઠક સત્વરે મળે તે અંગેની કાર્યવાહી પ્રગતી હેઠળ છે. |

----------------------------